Letter No: WCDD/0299/06/2024 Dt: 29-06-2024

આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજુરી બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AMI/e-file/23/2023/1720/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0022/B1, તા.૧૧/૦૮/૨૦૨૩
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૫/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાક:મકમ-૨/આઈસીડીએસ/આ.ઓ/જગ્યા/લાંબાગાળા/મંજુરી/૨૦૨૪૨૫/પૂર્તતા/૨૨૯૨૯

//**ઠરાવ**//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી કુલ-૯૫ જગ્યાની સેવાઓ તા.૦૧/૦૩/૨૦૨૩ થી વધુ ૧૧ માસ હેતુ આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના પત્રથી કુલ-૯૬ જગ્યાની સેવાઓ મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી સેવા મેળવવા દરખાસ્ત કરેલ હતી.

૨/- આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ પત્રક મુજબની વિભાગ હસ્તકની ૯૬ જગ્યાઓની સેવાઓ મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

1. સ્ટેટ સેલનું મહેકમ:

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ | ૧૦ | ૦૫ | રૂ.૪૫,૦૦૦/- |
| ૨ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨૨ | ૨૨ | રૂ.૧૫,૦૦૦/- |
| ૩ | પટાવાળા | ૧૧ | ૧૧ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘત્તમ વેતન મુજબ |
| ૪ | પટાવાળા કમ ડ્રાઈવર | ૦૩ | ૦૩ | રૂ.૧૫,૦૦૦/- |
| | કુલ | ૪૬ | ૪૧ | |

1. પ્રાદેશિક કચેરીનું મહેકમ:

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|---|
| ૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૮ | ૦૮ | રૂ.૧૫,૦૦૦/- |
| ૨ | પટાવાળા | ૦૮ | ૦૮ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘત્તમ વેતન મુજબ |
| | કુલ | ૧૬ | ૧૬ | |

1. જિલ્લા પંચાયત/મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાનું મહેકમ:

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|---|
| ૧ | પટાવાળા | ૪૦ | ૩૯ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘત્તમ વેતન મુજબ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૪/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
6. સર્વે તિજોરી અધિકારીશ્રી, જિ.......................
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................................
8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ...........................
9. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ..................................
11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ......................
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ.
13. શાખા સિલેક્ટ ફાઈલ.